ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૩૯/૨૦૨૬ તા. ૦૫/૧૦/૨૦૨૬

**વિષય:-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વંચિત રહેલ અનુ.જનજાતિ (ST)ના વિદ્યાર્થીઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન થવા બાબત.

**સંદર્ભ:-** મદદનીશ કમિશ્નરશ્રી (તકેદારી)ની કચેરીનો પત્ર ક્રમાંક નં.મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/૧૭૦૦ થી ૧૭૦૧ તા. ૦૧/૧૦/૨૦૨૬.

**પરિપત્ર:-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુ.જનજાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ/સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય, તેવા વંચિત રહી જનાર અનુ.જનજાતિ (ST)નાં પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે **તા.૦૧/૧૦/૨૦૨૬ થી ૨૦/૧૦/૨૦૨૬** સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ છે. આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ:** ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.
૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ડીરેક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.
૨) અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**
૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# મદદનીશ કમિશ્નરશ્રી(તકેદારી)ની કચેરી

જિલ્લા સેવા સદન-3, બ્લોક નં 1,
પહેલો માળ, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ
E Mail: vo-tdd-raj@gujarat.gov.in
Ph.No.: (0281)2478375

જનજાતીય કલ્યાણ યોજના

નં.મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/ ૧૭૦૦૫૧૭૦૨ તા.૨/૧૦/૨૦૨૬

અગત્યનું/સમયમર્યાદા

પ્રતિ,

આચાર્યશ્રી/રજીસ્ટ્રારશ્રી/ડાયરેક્ટરશ્રી/ડિનશ્રી.......(સંબંધિત તમામ)

શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા

જિ..........

વિષય:અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની વિવિધ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિસહાય/યોજનાઓ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે Digital Gujarat Portal રીઓપન થવા બાબત

સંદર્ભ: નિયામકશ્રી (આ. વિ.), ગાંધીનગરના પત્ર ક્રમાંક: આ.વિ./શિક્ષણ/ફા.નં.૧૪૬૪/૨૦૨૬/૧૮૩૨ થી ૧૮૫૪ તા.30/09/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે વિવિધ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ (રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ, સાધન સહાય, ફૂડબિલ સહાય યોજનાઓ) નો અમલ Digital Gujarat Portal મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે શિષ્યવૃતિના ફોર્મ ભરવાથી વંચિત રહી જનાર અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે **તા.૦૧/૧૦/૨૦૨૬ થી તા.૨૦/૧૦/૨૦૨૬** સુધી વર્ષ ૨૦૨૫-૨૬ માટે **Digital Gujarat Portal રીઓપન** કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે શિષ્યવૃતિના ફોર્મ ભરવાથી વંચિત રહી જનાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને આ બાબતે માહિતગાર કરી Digital Gujarat Portal પર ઉક્ત સમયમર્યાદામાં ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. વધુમાં, ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન તેમજ નિયામકશ્રી,(આ.વિ.), ગુ.રા.ગાંધીનગરની કચેરી દ્વારા વખતો-વખતની તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

મદદનીશ કમિશ્નર(તકેદારી)
રાજકોટ

નકલ સવિનય રવાના:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.................... તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

(૨) કુલ ઉપસચિવશ્રી, ..... યુનિવર્સિટી (સંબંધિત તમામ)